# ધરો આઠમ: દુર્વા વગર બાપ્પાની પૂજા અધૂરી

## ગણપતિની પૂજા કરતી વખતે દૂર્વા એટલે કે પવિત્ર ઘાસનો વિશેષ રીતે ઉપયોગ કરવામાં આવે છે

ભાદરવા સુદ આઠમ નાં દિવસને ધરો આઠમ (**Durva Ashtami**) તરીકે ઉજવવામાં આવે છે. 'દૂર્વા' એ એક સંસ્કૃત ભાષાનો શબ્દ છે. જેને દૂર્વા અષ્ટમી તરીકે પણ ઓળખવામાં આવે છે. જે દર વર્ષે ભાદરવા મહિનામાં મનાવવામાં આવે છે. વનસ્પતિના જમીન પર ફેલાતા પ્રકાંડ-પ્રશાખામાં અનેક ગાંઠો હોય છે અને તે દરેકગાંઠ જમીનમાં રોપાતા નવા પર્ણો ત્યાંથી ફૂટી આવે છે આથી શતપર્વા પણ કહેવાય છે.

ગણપતિની પૂજા કરતી વખતે દૂર્વા એટલે કે પવિત્ર ઘાસનો વિશેષ રીતે ઉપયોગ કરવામાં આવે છે. ગણેશ ભગવાનની પૂજામાં દૂર્વાના ઉપયોગને શુભ માનવામાં આવે છે. ગણેશ ભગવાનને અત્યંત પ્રિય છે દૂર્વા.

ઉલ્લેખનિય છે કે, દૂર્વા અષ્ટમીનુ વ્રત રાખવાથી અને આખી વિધિ વિધાનથી પૂજા કરવા પર સૌભાગ્ય અને સુખની પ્રાપ્તિ થાય છે. આ દિવસે દૂર્વાની સાથે ભગવાન ગણેશ અને શિવની પૂજા કરવામાં આવે છે.

મહિલાઓ ધરો આઠમના દિવસે ધરો (ધ્રો, ધ્રોખડ) કે દૂર્વાની પૂજા કરે છે. આ દિવસે માતા પોતાના સંતાન માટે વ્રત રાખે છે, આગલા દિવસે રાંધેલું ટાઢું જમે છે અને ખાસ કરીને ચોખા અને બાજરીની કુલેર ખાય છે. હિંદુ ધર્મમાં મૃતકની ઉત્તરક્રિયાઓમાં ધરો આઠમના દીવસે ધરોની છાબડી આપવાની પણ એક વિધી હોય છે જેમાં મોટે ભાગે મૃતકની પુત્રીને છાબડીમાં વસ્ત્ર અને ધરોનું દાન આપવામાં આવે છે.

### વ્રત વિધિ

આ વ્રત ભાદરવા સુદ આઠમના દિવસે થાય છે. વ્રત કરનારે સવારે વહેલા ઊઠી, સ્નાન કરી ધરાની પૂજા કરવી અને પ્રાર્થના કરવી કે ધરોની જેમ અમારા કુળનો વંશવેલો પણ વધજો. આ દિવસે ટાઢું જમવું. ભોજનમાં ચોખાના લાડુ, ફણગાવેલા કઠોળનાં વડાં વગેરે લઈ શકાય. આ વ્રત સંતાનોના કલ્યાણ માટે મહિલાઓ કરે છે.

### વ્રત કથા

એક ગામમાં સાસુ-વહુ સંપીને રહેતી હતી. તેઓ ખેતરમાં મજૂરી કરીને ગુજરાન ચલાવતાં હતા. વહુને એક દીકરો હતો. વહુ સાસુની આજ્ઞાનું પાલન કરતી હતી. સાસુ પણ વહુનું માન રાખતા હતા.

એવામાં ધરો આઠમનો પવિત્ર દિવસ આવ્યો. સાસુએ કહ્યું કે વહું ચાલ આપણે ખેતરમાંથી ઘાસ વાઢીને આવીએ.

વહુ ધરો આઠમનું વ્રત કરતી હતી. આથી આ દિવસે ખાસ કેવી રીતે વાઢી શકાય? માટે તેણે સાસુને ના પાડી. આથી સાસુએ છણકો કરતા કહ્યું કે ઘાસ નહીં લાવીએ તો ખાઈશું શું? તારું કપાળ?

આથી વહુ લાચાર બની સાસુ સાથે ખેતરમાં ઘાસ વાઢવા માટે ગઈ. છોકરાને ઘોડિયમાં સુવડાવી, બારણે સાંકળ ચઢાવી તેઓ ખેતરમાં જવા નીકળ્યા. પણ વહુનો જીવ ના ચાલ્યો. ઘરા આઠમના દિવસે લીલું ઘાસ કંઈ રીતે વઢાય? આથી વહુ ઘરો બાજુમાં રાખી અન્ય ઘાસ વાઢવા લાગી.

સાસુ-વહુ ઘાસ વાઢી ઘર તરફ જવા લાગ્યા. રસ્તામાં કોઈએ તેમને સમાચાર આપ્યા કે તમારું ઘર ભડભડ સળગે છે માટે જલદી ઘરે જાઓ.

સાસુ-વહુ તો આ સાંભળી હેબતાઈ ગયા અને ગભરાતા ગભરાતા ઘરે આવ્યા. જોયું તો તેમનું ઘર આખું બળીને રાખ થઈ ગયું હતું. વહુએ અડધા પડધા બારણાને ખસેડીને જોયું તો તેના પુત્રની આસપાસ ઘરો વીંટળાઈ ગઈ હતી.

આ દ્રશ્ય જોઈ વહુ ખુશ થઈ અને સાસુને કહ્યું કે જુઓ મારું ધરો આઠમનું વ્રત ફળ્યું. ધરો માએ મારા બાળકને બચાવી લીધું. સાસુ પણ આ જોઈ આશ્ચર્યમાં પડી ગયા અને ધરો આઠમના દિવસે ખાસ ન કાપવાનો નિર્ણય લીધો. આવો છે આ વ્રતનો પ્રભાવ.

(આયુર્વેદમાં ચમત્કારી વનસ્પતિ ગણાય છે દુર્વા, તેના સેવનથી થાય છે આવા અદભૂત લાભ)

ભગવાન શ્રી ગણેશજીની પૂજામાં દુર્વાનું ખૂબ મહત્વ છે. દુર્વા વગર બાપ્પાની પૂજા અધૂરી માનવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે દુર્વાના સેવનથી સ્વાસ્થ્યને લગતા પણ લાભ થાય છે

ગણેશજીને ચડાવાતા પવિત્ર ઘાસ દુર્વાનો આયુર્વેદમાં ઔષધિ તરીકે ઉલ્લેખ છે. તે મોટા મોટા રોગોને જડમૂળમાંથી દૂર કરવાની શક્તિ ધરાવે છે. જાણો દુર્વાથી તમારા શરીરને કેવા અદભૂત ફાયદા થાય છે.

દુર્વાના રસને લીલુ લોહી પણ કહેવામાં આવે છે. તે પીવાથી એનિમિયા અર્થાત્ લોહીની ઉણપ દૂર કરી શકાય છે. તે લોહીને સાફ કરીને રક્ત કોશિકાઓને વધારવામાં મદદરૂપ બને છે.

આયુર્વેદમાં ચમત્કારી વનસ્પતિ ગણાતી દુર્વાનો સ્વાદ તૂરો-મીઠો હોય છે. તેમાં પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, કેલ્શિયમ, ફાઈબર, પોટેશિયમ વગેરે ભરપૂર માત્રામાં હોય છે. તેમાં કબજિયાત જેવી અનેક બીમારીઓ દૂર કરવાની ક્ષમતા રહેલી છે

આયુર્વેદના જાણકારોના મતે દુર્વા અને ચૂનાને એકસરખા પ્રમાણમાં પાણીમાં પીસી માથા પર લેપ કરવામાં આવે તો માથાના





દુઃખાવામાં પણ ફાયદો થાય છે.

ગણેશજીને ચડાવાતા પવિત્ર ઘાસ દુર્વાનો આયુર્વેદમાં ઔષધિ તરીકે ઉલ્લેખ છે. તે મોટા મોટા રોગોને જડમૂળમાંથી દૂર કરવાની શક્તિ ધરાવે છે. જાણો દુર્વાથી તમારા શરીરને કેવા અદભૂત ફાયદા થાય છે

# સળંગ ૧૯મા વર્ષે વકીલ મિત્ર મંડળના મહાકાળી સેવા કેન્દ્રનું આયોજન



ગાંધીનગર, તા.૦૨

ગાંધીનગરમાં સળંગ ૧૯મા વર્ષે વકીલ મિત્ર મંડળ દ્વારા ક-૭ રેલવે ફાટક પાસે શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનો આજે સવારે સે.૨ સ્વામિનારાયણ મંદિરના મહંત પી. પી. સ્વામીના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો છે. ચાર દિવસ માટે ચાલનારા આ સેવા કેન્દ્ર ખાતે અંબાજીના પદયાત્રીઓને ૨૪ કલાક મહાપ્રસાદ પીરસવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે મહાપ્રસાદ સેવા કેન્દ્ર ખાતે દરરોજ રાત્રે રાસ-ગરબા યોજાશે જેમાં રતનસિંહ વાઘેલા, દર્શના વ્યાસ, જીગ્નેશ કવિરાજ, પ્રકાશ રાઠોડ, હરેશ રાવત, હિરલબા ડાભી જેવા કલાકારો ધૂમ મચાવશે.

શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રના શુભારંભ સમયે મધુર ડેરીના ચેરમેન ડૉ.શંકરસિંહ રાણા, નાગરિક બેંકના પૂર્વ ચેરમેન એડવોકેટ હિમાંશુ પટેલ, સતાધાર ગૃપના નરેન્દ્રસિંહ ચૌહાણ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકના ધારાસભ્ય શંભુજી ઠાકોરે પણ મહાપ્રસાદ સેવા કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ સાથે જાણીતા એડવોકેટ્સ પ્રદિપસિંહ વાઘેલા(વિદ્યા લાયબ્રેરી), બી આર શર્મા, જગદીશસિંહ વાઘેલા, , કરણસિંહ વાઘેલા, નરેન્દ્રસિંહ ચૌહાણ, અતુલ પંડ્યા, પી.પી.જોષી, બી.એચ.ભટ્ટ, અશ્વિન ત્રિવેદી, છાયાબેન ત્રિવેદી, રમેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં સિનિયર-જુનિયર વકીલો ઉપસ્થિત રહ્યાં હતા. આગમી તા.પમી સપ્ટેમ્બરે સાંજે ૭ કલાકે આરતી ઉતારીને સેવા કેન્દ્રનું સમાપન કરાશે.

### દુર્ઘટનામાં જાન ગુમાવનારા પ્રત્યેક મૃતકને રૂપિયા ૪ લાખની સહાય અપાશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અરવલ્લી જિલ્લામાં માલપૂર નજીક સર્જાયેલી માર્ગ દુર્ઘટનામાં અંબાજી જતા પદયાત્રિકોના થયેલા દુઃખદ મૃત્યુ અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી આ પદયાત્રીઓના પરિવારજનોને સાંત્વના પાઠવી છે. મુખ્યમંત્રીશ્રીએ આ દુર્ઘટનામાં જાન ગુમાવનારા પ્રત્યેક મૃતકને રૂપિયા ૪ લાખની સહાય મુખ્યમંત્રી રાહત ફંડમાંથી આપવાની જાહેરાત કરી છે. ઈજાગ્રસ્ત લોકોને ૫૦ હજારની સહાય આપવામાં આવશે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો છે. તેમણે આ માર્ગ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત લોકોની જરૂરી સારવાર વ્યવસ્થા કરવાની પણ અરવલ્લી જિલ્લા કલેકટરને સૂચના આપી છે.

# સાર્વજનિક ગણેશોત્સવમાં બીજા દિવસે લોકનૃત્યોત્સવ યોજાયો




ગાંધીનગર, તા.૨

સાર્વજનિક ગણેશ મહોત્સવના બીજા દિવસ તા:૦૧/૦૯/૨૦૨૨ ગુરુવાર નાં રોજ ગાંધીનગરની કલા સંસ્થાઓ દ્વારા 'લોકનૃત્યોત્સવ' યોજવામાં આવેલો હતો. જેમાં ગાંધીનગરની સુપ્રસિદ્ધ સંસ્થાઓની નિરાલી પંડ્યા –લયા ડાન્સએકેડમી દ્વારા ભરતનાટ્યમ, આકાશ શર્મા-ઈન્ડો વેસ્ટન ડાન્સ, નીતીનકુમાર દવે – વેનુભારતી દ્વારા પ્રાચીન ગુજરાતી ગરબો , દીપક પારેખ- નૃત્યશ્રી કલાવૃંદ દ્વારા ગરબો અને ટિપ્પણી, ભાવેશ ત્રિવેદી- રંગોલી કલ્ચરલ ગ્રુપ ઓફ પરફોર્મિંગ દ્વારા પ્રાચીન ગરબો, પરિમલભાઈ દેસાઈ- રમઝટ કલામંદિર દ્વારા મિશ્ર ગરબી, દર્શના ઠાકર- ડ્રીમ ડાન્સ એકેડમી દ્વારા કાલબેલિયા, મિત્તલકુમાર- સુન્દરમ કલ્ચરલ ગ્રુપ ઓફ પરફોમીંગઆર્ટ દ્વારા મેર રાસ, અભિરાજસિંહ ઝાલા- સ્ઈફ્રઝ ડાન્સ ઈન્સ્ટીટયુટ દ્વારા પ્રાચીન ગરબો, નીરવ લોથ- રીધમ ગરબા કલાસીસ દ્વારા ડાખલાનાં તાલે, તેમજ ચિરાગ અડલજા- મલ્હાર ગ્રુપ ઓફ પરફોમીંગ આર્ટ દ્વારા મરાઠી ફોક ડાન્સ રજુ કરેલ છે.

સર્વ સંસ્થાઓના ૨૫૦ થી વધુ કલાકારોએ તેમની ઉત્કૃષ્ઠ સાંકૃતિક કૃતિઓ રજુ કરી હતી જેને રંગમંચ પર દર્શકોને નૃત્યના તાલ પર જુમવા મજબુર કરી દીધા હતા. ઉપસ્થિત મહેમાનશ્રીઓ એ સાર્વજનિક ગણેશોત્સવના ગાંધીનગરની વિવિધ કલા સંસ્થાઓ તેમજ બાળકોને પ્લેટફોર્મ આપીને તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર નીકાળવાના પ્રયાસને બિરદાવ્યો હતો. ગણેશજીની પૂજા અર્ચના કરવા તથા કાર્યક્રમ નિહાળવા વિશ્વ હિંદુ પરિષદ નાં મોભીશ્રી પ્રદીપભાઈ જૈન તથા ડૉ. ઉત્પલ પટેલ, લુહાણા સમાજ નાં આગેવાનો, પ્રજાપતિ સમાજ નાં આગેવાનો, હુસેની સમાજના આગેવાનો, બ્રહ્મસમાજનાં સભ્યો અને મહિલા કોંગ્રેસ નાં અગ્રણીઓ, જેવા હોદ્દેદારશ્રીઓ તથા અન્ય વહેપારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું ઉત્કૃષ્ઠ સંચાલન શ્રીમતી આશાબા સરવૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવામાં તારકભાઈ પંડ્યા, અશ્વિનસિંહ તાપરિયા નું મુખ્ય યોગદાન હતું. અધ્યક્ષશ્રી નિશિત વ્યાસે ધર્મ અને સંસ્કૃતિક પ્રેમી જનતાને તથા સમિતિના સર્વે હોદ્દેદાશ્રીઓનો કાર્યક્રમ સફળ બનાવવા આભાર માન્યો હતો. તા.૦૩/૦૯/૨૦૨૨ શનિવારના રોજ નો કાર્યક્રમ:

ગાંધીનગરની વિવિધ શાળાઓની દેશભકિત થીમ આધારિત "નૃત્ય સ્પર્ધા"

રાત્રે ૦૮:૦૦ કલાકે

આ કાર્યક્રમ માણવા ગાંધીનગરના કલારસીકોને વિશાળ સંખ્યામા ભાગ લેવા સમિતિના અધ્યક્ષશ્રી નિશિત ભાઈ વ્યાસ ભાવભર્યુ આમંત્રણ છે.

# પટેલ પરિવાર ના આંગણે વિઘ્નહર્તા શ્રી ગણપતિ બાપા નું ભવ્ય સ્વાગત.



ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નું મોટુ નામ જેમને મંડપ ડેકોરેશન માં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે તેવા ગોરધનભાઈ પટેલ, વિજયભાઈ પટેલ, તથા વિક્રમભાઈ પટેલ ના નિવાસ સ્થાને વિઘ્નહર્તા ગણપતિબાપાને ભવ્ય ડેકોરેશન માં બિરાજમાન કરવામાં આવ્યા છે. વિજયભાઈ ના જણાવ્યા અનુસાર ગણપતિબાપા તેમના ઘરે છઠ્ઠી વાર પધાર્યા છે, ખુબ ભાવ ભક્તિ અને પૂજાવિધિ દ્વારા બાપા નું સ્થાપન કરવામાં આવ્યું છે. હર વર્ષે નવીન ડેકોરેશન દ્વારા બાપાના સ્થાન ને શણગાર કરીને બિરાજમાન કરવામાં આવે છે.



સાર્વજનિક ગણેશોત્સવની શહેરમાં ઉલ્લાસભેર ઉજવણી થઈ રહી છે. સેક્ટર-૫-સી ના યુવાનોએ ખૂબ શ્રદ્ધાપૂર્વક ગણેશજીની સ્થાપના કરી છે. સવાર-સાંજ થતી ગણેશજીની આરતીમાં ભાવિકો શ્રદ્ધાપૂર્વક ભાગ લઈ રહ્યા છે.



## સે. ૩-ડી માં આનંદનો ગરબો યોજાયો

ગાંધીનગર, તા. ૨

સેક્ટર-૩-ડી માં જય રાંદલમાં મહિલા મંડળ (વાવોલ રાંદલમાંના ઉપાસક જયશ્રીબેન પ્રજાપતિ)ના સુર મધુર કંઠે આનંદનો ગરબો, ભજનોની રમઝટ જામી હતી. સર્વે ભાવિ ભક્તો તન, મન, ધનથી ગણેશજીના ભજનો અને આનંદનો ગરબો ઉત્સાહભેર માણ્યો હતો. ગણેશજીની આરાધના સૌ ભક્તો દ્વારા કરવામાં આવી હતી. અખબારી યાદીમાં ભાવસાર પ્રફુલ્લાબેને જણાવ્યુ હતું.



ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થાઓ પાસે અપાર ગંદકી થાય છે. ક્યાંક કચરાપેટી ઉભરાય છે તો ક્યાંક ગટર ઉભરાય છે. સેક્ટર-૭ ચૌધરી સ્કૂલની બાજુમાં ગટર ઉભરાતા ગટરનું ગંદુ પાણી રોડ ઉપર ફરી વળ્યુ હતુ. જેના કારણે આ વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. વિદ્યાર્થીનીઓ અને આવતા જતા વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.



સિવિલ હોસ્પિટલમાં ગણપતિદાદાની મૂર્તિ સામે સિવિલ હોસ્પિટલના સભ્યો સી.સી.કા./જુસિકાના સભ્યો/સહયોગના સભ્યો દ્વારા ગણેશ ચતુર્થીના દિવસે આરતી પૂજા કરવામાં આવી હતી.

# સેવાસેતુ કાર્યક્રમની સાથે ઈ-શ્રમ નોંધણી તથા મતદાર યાદી સુધારણા કેમ્પ યોજાશે

ગાંધીનગર. ૦૨

માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની નાગરિકોની વ્યક્તિલક્ષી અરજીઓના ત્વરીત નિકાલના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા.૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ શનિવારના રોજ સમય સવારે ૯.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી ગાંધીનગર મહાનગરપાલિકા કક્ષાએ વોર્ડ નં.૬ માં શ્રી લીંબચ માતાજીના મંદિર,સેક્ટર-૧૩,ગાંધીનગર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ૯.૦૦ થી ૨.૦૦ કલાક દરમિયાન અરજદારો પાસેથી રજૂઆત અને તેના પૂરાવા મેળવવામાં આવશે. આ રજૂઆતો અને અરજીઓના નિકાલની કામગીરી સાંજે ૫ વાગ્યા સુધી કરવામાં આવશે. જે દરમિયાન અરજદારોને તેમણે કરેલ રજૂઆતોના આખરી નિકાલની જાણ કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમિયાન મતદાર યાદી સુધારણા કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં ગાંધીનગરના નાગરિકો મતદાર યાદીમાં નામ ઉમેરવા, નામ કમી કરવા, ચૂંટણી કાર્ડમાં સુધારો કરવા માંગતા હોય તો સુધારો કરાવી શકશે. ખાસ કરીને નવીન મતદારો તેમનું નામ મતદાર યાદીમાં ઉમેરાવી શકશે.

સેવાસેતુ કાર્યક્રમ દરમિયાન ઈ-શ્રમ કાર્ડ નોંધણી કેમ્પનું પણ આયોજન કરેલ છે. અસંગઠિત ક્ષેત્રે કામ કરતા કામદારો ને ઈ-શ્રમ કાર્ડની નોંધણી બાદ સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળી શકે તે હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જે શ્રમિકોની ઉંમર ૧૬ થી ૬૦ વર્ષની છે, તેઓ આ કેમ્પનો લાભ લઈ શકશે. આ કેમ્પ દ્વારા લાભાર્થી આધાર કાર્ડ, મોબાઈલ નંબર અને બેંક પાસબુકની નકલ સાથે રાખીને ઈ-શ્રમ કાર્ડ માટે નોંધણી કરાવી શકશે અને સરકારની આ યોજનાનો લાભ મેળવી શકશે.

# ફેઈલ થવાથી ઘણું શીખવા મળે છે, નવા રસ્તા મળે છે: જિગ્નેશ વસાવડા

ગાંધીનગર, તા. ૦૨

ગાંધીનગર સ્થિત સાબરમતી યુનિવર્સિટી ખાતે વિન્ટર સેમેસ્ટર શરૂ થતાં પ્રથમ દિવસે ખાસ એક્સપર્ટ ટોક નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક્સપર્ટ તરીકે જાણીતા સીનીયર મીડિયા પ્રોફેશનલ, ફિલ્મ સમિક્ષક અને આંતરપ્રેન્યોર જિગ્નેશ વસાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીમાં યોજાયેલી એક્સપર્ટ ટોકનો મુખ્ય વિષય "યુ ઓન્લી ફેઈલ વ્હેન યુ સ્ટોપ ટ્રાઈંગ" હતો. અહીં ઉપસ્થિત રહેલા તજજ્ઞ જિગ્નેશ વસાવડાએ ખાસ કરીને ફેલ થવું એટલે કે વ્યક્તિ દરેક વખતે પાસ થાય તે જરૂરી નથી અને ફેઈલ થવાથી ઘણું શીખવા મળે છે જિગ્નેશ વસાવડાએ નિષ્ફળતા બાદ મળેલી સફળતાના ઘણાં ઉદાહરણો પણ આપ્યા હતા. સાથે જ નિરાશા અને હતાશા આવે તો શું કરવું અને તેમાંથી કેવી રીતે બહાર નીકળવું તેના વિશે પણ વિસ્તૃત જાણકારી આપી હતી. આ ઉપરાંત જાણીતા બિઝનેસમેન ઈલોન મસ્ક, ધીરૂભાઈ અંબાણી, ઓપરા વિનફ્રે સહિતના લોકોની સફળતાના ઉદાહરણો વિશે ખાસ ચર્ચા કરી હતી. આ આખા કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને મોટિવેશન પૂરું પાડવાનો તેમજ દરેક વ્યક્તિ પોતાના જીવનમાં કેવી રીતે મુશ્કેલીઓનો સામનો કરીને આગળ વધી શકે તે લોકો સુધી પહોંચાડવાનો હતો. આ ખાસ કાર્યક્રમમાં નવી ટર્મમાં આવેલા વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ તેમજ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. જ્યોતિ શ્રીવાસ્તવ, ડીન-એકેડેમિક્સ ડૉ. પરશુરામ ધાકડ, એજ્યુકેશન વિભાગના વડા ડૉ. રચના મિશ્રા, ડૉ. આર.બી વ્યાસ સહિત યુનિવર્સિટીના ફેકલ્ટી મેમ્બર્સ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. જ્યોતિ શ્રીવાસ્તવ દ્વારા આભારવિધી કરવામાં આવી હતી.